ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*ગયો જમાનો થર્ડ ડીગ્રીનો, એન્કૌંટર ચાલે છે,*
*'રાજદ્રોહ' આરોપે હવે સીધા જેલમાં ઘાલે છે,*
*ફાલે છે કાવતરાં પાસાનાં, પાડે પાસા પોબાર -*
*થાય અદૃશ્ય અચાનક, કે આત્મહત્યાના તાલે છે.*
*(પોલીસ હવે અધતન ટેકનીકનો ઉપયોગ કરે છે)*

હાઈકુ

*સંબંધ બાંધો*
*ગુંડા - ગુન્હેગારોથી -*
*ગુહા ઘટશે!!*

*અપનાવી લ્યો!*
*સરળ 'વ્યવહાર'*
*'હપ્તા' પદ્ધતિ!*

*(બૂટલેગરો-ગુનેગારો-પોલીસ અનભવશે હાશકારો!)*

### ચિંતન

***જાયા તપ્યતે કિતવસ્ય હીના માતા પુત્રસ્ય ચરતઃ કવસ્તિત્ ।***
***ઋણાવા વિભ્યદ્ધનમિચ્છમાનો ऽન્યેષાંમસ્તમુપ નક્તમેતિ ॥***

**ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.**

**જુગારીની સ્ત્રી ઘોર કષ્ટો ભોગવે છે. તેની માતા રડતી રહે છે, તે હંમેશા દેવામાં ડૂબેલો રહે છે અને ધન મેળવવા બીજાના ઘરમાં જઈને ચોરી કરે ઓછે, જુગાર ખૂબ જ ધૃણાસ્પદ વ્યસન છે, તેનાથી હંમેશા દુર રહેવું જોઈએ.**

**આજકાલ ધનનું મહત્ત્વ વધતું જાય છે. અને ધનથી જ વધારે સુખસગવડ, સાધન, સફ્ળતા અને સન્માનની પ્રાપ્તિ થાય છે. તેથી જ લોકો બેઈમાની અથવા એવો જ કોઈ માર્ગ અપનાવીને ખૂબ જ ઝડપથી ધનવાન બનવાના પ્રયાસમાં લાગેલાં રહે છે. પરસેવાની કમાણી અમૃત સમાન પવિત્ર હોય છે. બેઈમાની તથા અયોગ્ય સાધનો દ્વારા કમાવામાં આવેલા ધનથી અપયશ, અસહયોગ, અવિશ્વાસ, નફરત, રાજદંડ, આત્મગ્લાનિ વગેરે દુષ્પરિણામો જ મળે છે. સાચી કમાણી તો સદ્‌ગુણો દ્વારા જ થાય છે. તેનામાં જ ઉત્પાદક તત્ત્વોનો સમાવેશ થાય છે. સંપત્તિથી નહિ, પણ સદ્‌બુદ્ધિ અને સત્ પ્રવૃત્તિઓથી જ ઉન્નતિ થાય છે. ધનવાન નહિ, પણ ચારિત્ર્યવાન મનુષ્ય જ સુખ પામે છે. જુગારના કારણે જ ધર્મરાજ યુધિષ્ઠિરને ભાઈઓ સહિત દુર્યોધનના દાસ બનવું પડ્યું હતું. આથી જુગારના આવા દુષ્ટ પરિણામો આવે છે.**

### સુવિચાર

- બીજ બિના કિસી આવાઝ કે બઢતા હે, લેકિન એક પેડ ભરી શોર કે સાથ ગિરતા હૈ, વિનાશ શોર કરતા હે, પલેકિન બઢને વાલા મૌન રહેતા હે, યહ મૌન કી શક્તિ હૈ - **ઓશો**
- સદ્‌ગુણો સ્વયંશિસ્તથી પ્રગતે છે
  એ કાંઈ વરસાદની જેમ આકાશમાંથી વરસતા નથી - **ભગવાન બુદ્ધ**
- સૂર્ય એ ચિંતા કરતો નથી કે કોણ તેની સ્તુતિ કરે છે અને કોણ નિંદા - **લક્ષ્મીનારાયણ મિશ્ર**
- રુપની ઓળખ આંખો સુધી છે અને ગુણની આત્મા સુધી - **સંત રોબિન**
- આપણે શું બની શકીએ તેમ છીએ તેવું જ્ઞાન કરાવે
  તે આપણી મૂળભૂથ આશા છે - **રાલ્ફ એમરસન**
- સમય તટસ્થ છે, તે વસ્તુ સ્થિતિને બદલતો નથી - **એચ. ટી. હેમ્બલી**
- આજનું ઔષધ : રોજ સવારે સૂર્યોદય પહેલાં નરણાં કોઠે મૂળો ચાવી ચાવીને ખાવાથી મળ વિકાર મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક અતિ ધનવાન શેઠના એકના એક દીકરાના લગ્ન લેવાયા. શેઠે મેનેજરને બોલાવીને કહ્યું, 'આપણા પ્રસંગમાં આવનારા સૌ મહેમાનો ને આપણે કંઈક યાદગાર ભેટ આપવી છે. જેમાં દરેક પુરુષોને માટે આપણે પાંચસો સૂટના કાપડ અને મહિલા મહેમાનો માટે પાંચસો સાડીના ઓર્ડર આપી દો. સૂટ અને સાડી જરા મોંઘા માના હોય તેવા લેવાના છે. કંજૂસાઈ ન કરતા.' મેનેજર કહ્યું, 'ચિંતા ન કરશો.' મેનેજર ગાડીમાં બેસતા હતા ત્યારે શેઠાણી એ એમને કાનમાં કહ્યું, 'તમે એકસો સાડી અને એક સો સૂટ થોડા સસ્તા પણ લેજો. કારણ કે ઘરના નોકરોને અને ઓફિસના પટાવાળાને બહુ મોટી ભેંટ આપવાની જરૂ નથી. એમને તો સસ્તી ભેટ આપીએ તો પણ ચાલે.' સાંજે શેઠની અને શેઠાણીની સૂચના મુજબ શહેરના મોંઘામાં મોંઘા શોરૂમમાં ખરીદી કરવા પહોંચ્યા. મેનેજરે જોયું કે પાંચ જણા જે ત્યાં અગાઉથી જ ખરીદી કરી રહ્યા હતા તેઓ શેઠના ઘરના નોકર હતા. તેઓ અહીં શું ખરીદી કરવા આવ્યા હશે ? એ જાણવા તે ખૂણામાં છૂપાઈને જોવા લાગ્યા. નોકરો સેલ્સમેનને કહી રહ્યા હતા. 'ભાઈ, અમારા શેઠના એકના એક દીકરાના લગ્ન છે. અમારે એમને ભેટ આપવી છે.તો આવા સસ્તા અને સામાન્ય કપડાં ન બતાવો. થોડા મોંઘા અને મોભાદાર કાપડ બતાવો. અમે આ પ્રસંગ માટે અમારા પગારમાંથી બચત કરી છે. એટલે ચિંતા ન કરતા.' નોકરોની વાત સાંભળીને મેનેજરની આંખ ભીની થઈ ગઈ. સાર એ છે કે આપણે માણસોના હૃદય જોઈને નહીં પણ એના હોદ્દા ને જોઈને ભેટ આપીએ છીએ. જો આપણે મોટા હોદ્દા પર બેઠેલા માણસોને નાની ભેટ આપવાની શરમ આવતી હોય તો પછી મોટા હૃદયના માણસોને નાની ભેટ આપતા શરમ કેમ નથી આવતી ?

# જાસૂસી કાંડ સંસદમાં ગાજશે

**તંત્રીસ્થાનેથી...**

સરકારના મંત્રીઓ, વિપક્ષી નેતાઓ, પત્રકારો, કાયદાકીય બાબતો સાથે સંકળાયેલા અગ્રણીઓ, બિઝનેશમેન, સરકારી અધિકારીઓ, વૈજ્ઞાનિકો, એક્ટિવિસ્ટો સહિત આશરે ૩૦૦ લોકોની જાસૂસી ઈઝરાયેલી સોફ્ટવેર 'પેગાસસ' મારફત કરાતી હોવાનો ઘટસ્ફોટ 'વાયર' દ્વારા કરાયો છે. જો કે ભારત સરકારે એનો ધરાર ઈનકાર કર્યં છે. શંકા-કુશંકા હોય ત્યાં રાજય દ્વારા આવી ચાંપતી નજર રખાતી હોવાની પ્રથા તો જુગજૂની છે. પરંતુ એ રીતે નાગરિકની અંગતતા (પ્રાઈવસી) પર તરાપ મારવાથી એને મળેલા મૂલભૂત અધિકારનું હનન થાય છે. પરંતુ શાસનકર્તા હરહંમેશ સતર્ક રહે તે પણ એટલું જ જરૂરી ગણાયું છે. મહાભારતમાં ભીષ્મ બાણ-શૈયા પર સૂતાં સૂતાં યુધિષ્ઠિરને આ મતલબની જ શિખામણ આપે છે. વિદુરનીતિ અને ચાણક્યની રાજનીતિમાં જાસૂસ સંસ્થાને રાજય માટે અનિવાર્ય ગણવામાં આવી છે. રાજા બધાનો વિશ્વાસ ન કરી શકે એવું કહીને આ પ્રજ્ઞાવાન વિચક્ષણ રાજનીતિજ્ઞો અટક્યા નથી. રાજાએ એની રાણીનો કે રાજકુંવરનો પણ વિશ્વાસ ન કરવો જોઈએ, એવું ભીષ્મવચન છે. કોણ કયારે દગો દઈ જાય એ કળવું મુશ્કેલ હોય છે. માનવમન ચંચળ છે. એ પોતાના લાભ ખાતર ગમે તેવા ખતરનાક ખેલ માંડી બેસે. એટલે રાજાએ તો આઠ પહોર જાગતા જ રહેવું પડ્યે. રજવાડાંમાં સગા ભાઈ, પુત્ર કે સેનાપતિ અને પ્રધાનો બળવો કરતા રહ્યા છે. ઈતિહાસ આખો આવા દગો-ફટકા અને ધૃણાસ્પદ પ્રપંચલીલાથી ખરડાયેલો છે. આજે મહાસત્તાઓ એકબીજાની જાસૂસી કરાવે છે, દેશો પાડોશી દેશોની જાસૂસી કરાવે છે. જાજૂસી સંસ્થાન વૈશ્વિક માન્યતા સાંપડેલી છે. અમેરિકાની સીઆઈએ સિક્રેટ એજન્સીથી લઈ ભારતની 'રૉ' કે પાકિસ્તાની આઈએસઆઈ જેવી સંસ્થાઓ વર્ષોથી સક્રિય છે. આંતરરાષ્ટ્રીય જાસૂસી કરવા માટે વિવિધ દેશો ઉપગ્રહોનો ઉપયોગ કરે છે. ઈઝરાયેલની મોસાદ બેનમૂન જાસૂસી સંસ્થા છે. અત્યારે જેનો વિવાદ ચગ્યો છે તે ઈઝરાયેલની કંપની એનએસઓ ગ્રુપના જાસૂસી સોફ્ટવેર પેગાસસ સંદર્ભે છે. ભારત દ્વારા એની સેવાઓ ભાડે લેવાયેલ છે. સુબ્રમણ્યમ સ્વામી જેવા વરિષ્ઠ ભાજપી નેતાએ આ બાબતે કરેલ ટ્વિટથી ભારે હોબાળો મચી ગયો છે. સંસદનું ચોમાસું સત્ર શરુ થતાં જ આ સમાચાર વીજળી વેગે, જંગલની આગની જેમ ફેલાઈ ગયા છે. વોશિંગ્ટન પોસ્ટ સહિતના વિદેસી મીડિયામાં આ અહેવાલ છપાતા કેન્દ્ર સરકારે અને પેગાસસની પેટન્ટ કંપનીએ તાત્કાલિક સફાઈ આપી છે. પેગાસસ કહે છે કે ફક્ત કોઈનો જીવ બચાવવા જેવી અગત્યની બાબત હોય તો જ ફોન હૅક કરાય છે, જયારે સામાન્ય માણસ પણ હવે તો જાણે છે કે સરકાર કોઈ પણ સમયે કોઈ પણ વ્યક્તિના ફોન ટેપ કરી શકે છે અને એની ગોપનીય વાતચીત સાંભળી શકે છે. સવિશેષ ૨૦૧૮-૧૯ વચ્ચે હૅક થયેલા ફોન સંદર્ભે માહિતી લીક થઈ છે, જેમાં મંત્રીમંડળના સાથીઓ, વિપક્ષના નેતાઓથી લઈ પત્રકારો સુધીનાં મહત્ત્વપૂર્ણ નામ સામેલ છે. સંસદનાં બેઉ ગૃહો શરુ થતાંની સાથે આગળી રાતે વિદેશી મીડિયામાં પ્રગટ થયેલા અહેવાલથી ઊકળી ઊઠ્યાં છે, બેઉ ગૃહોમાં આ મુદ્દે ચર્ચા કરવા માટે નોટિસ અપાઈ છે. જાસૂસીવાલા અને ફોન હેકિંગવાળા મુદ્દા ઉપરાંત વિપક્ષો પાસે કોરોનાકાળ દરમિયાન થયેલ ગેરવહીટવટ અને અણધડ વ્યવસ્થા તથા ખેડૂત આંદોલન જેવા મુદ્દાઓ પણ સંસદમાં ગૂંજતા રહેશે. રાક્ષસી બહુમતીના જોરે કેન્દ્ર સરકાર વિપક્ષના હોબાળાને દાબી દેશે અને પસાર કરવા ધારેલા ખરડા પસાર કરીને જંપશે તે પણ સૌ જાણે છે. મોંઘવારી - પેટ્રોલ ડીઝલની સતત વધતી કિંમતો, બેરોજગારી વગેરે મુદ્દાઓ ઉપરાંત રાફેલ સોદામાં થયેલા નવા ખુલાસા તથા ચીન સાથે સરહદ પર બિન અસરદારક રહેલી ચર્ચા અને સેનાના જમાડવા જેવા મુદ્દાઓ કોંગ્રેસ સહિતના વિપક્ષો ઉઠાવશે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ આ મુદ્દાઓ પર વિપક્ષને એક મંચ પર આણવા કૃતસંકલ્પ છે. જો કે એથી સંસદને ચાલવા નહીં દેવાના વિપક્ષી ઈરાદાની મોદી સરકાર પ્રજાના પૈસાનું પાણી થઈ રહ્યામાં ખપાવશે. મોદી મંત્રીમંડળમાં થયેલા ફેરફારોનો પડઘો પણ સંસદમાં પડતો રહેશે. ગુજરાતના પ્રતિનિધિ એવા ગૃહમંત્રી અને આરોગ્યમંત્રી ઉપરાંત વિદેશમંત્રીના શિરે ઘણા બધા આકરા સવાલોના જવાબો આપવાની જવાબદારી આવી છે. આશા રાખીએ કે ચોમાસુ સત્ર અધ્ધર ન થઈ જાય અને સંસદને પ્રજાલક્ષી કામો મંજૂર કરવાનો મોકો મળે.

# લોક સંગીત અને ભજનની વિરાસત ઝીલાઈ 'ઈકતારા'માં



**અજવાળું - અજવાળું**
તુષાર જોશી

'ઈકતારા' શબ્દનો અર્થ થાય છે એવું વાદ્ય જેમાં એક જ તાર હોય, એના વાદક આ વાદ્યને ગળા પર ટેકવે તર્જનીથી વગાડતા જાય, ગરદનના છિદ્ર સાથે સ્પર્શથી એક વિશિષ્ટ ધ્વનિ પેદા થાય. ઈકતારો લોક સંગીત અને પ્રાચીન ભજનવાણીમાં હોય જ... એને વગાડનાર અને સાંભળનાર બંને જાણે કોઈ અનહદ નાદમા ઓગળતા જાય.

'ઈકતારા' શબ્દ સાથે, આ શીર્ષક સાથે સંગીતના કાર્યક્રમો કરતાં પ્રતિભાવંત, અભ્યાસુ, સૂર સાધક, ગાયક અને સ્વરકાર યુવાન હાર્દિક દવેએ હમણાં અમદાવાદમાં આમંત્રિત શ્રોતાઓ સમથી એક કાર્યક્રમ રજૂ કર્યો. TEA ના સૌજન્યથી એમ્ફી થિયેટરના વાતાવરણમાં ઉઘાડ થયો સવારના પ્રભાતિયાના સૂરથી... નરસિંહ મહેતાના જાગને જાદવા પ્રભાતિયાથી આરંભાયેલ સ્વરયાત્રા આગળ વધતી ગઈ... દ્વારિકા અને શ્રીકૃષ્ણ, ઝવેરચંદ મેઘાણીની રચના મોર બની થનગનાટ કરે, બાબા ફરીદ અમીર ખુશરો, નાઝીર દેખૈયા, કવિશ્રી દુલાભાગા કાગની રચનાઓ રજૂ થઈ અને શ્રોતાઓ સ્વરયાત્રામાં એકાકાર થતા ગયા.

આપણી સંસ્કૃતિને સાચવીને બેઠેલા લોકજીવનના લોકગીતો અને પ્રાચીન ભજન વાણી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી ગઈ. મહત્ત્વનું એ હતું કે મોટા ભાગના શ્રોતાઓ યુવાન હતા અને આપણી સાંસ્કૃતિક ધરોહર રુપી આ ગીતોને મન ભરીને માણી રહ્યા હતા.

વિશ્વ પ્રસિદ્ધ ગાયક શ્રી પ્રફુલ્લ દવેના પુત્ર હાર્દિકને સંગીત વારસામાં મળ્યું જ છે. એની સાથે સાથે લોકજીવન અને ભજન સાથેની સૂર-શબ્દની સોબત અને માધવપુરના દરિયાકાંઠે રહીને સાધના કરનાર, જ્ઞાન માર્ગના સહજ આરાધક બ્રહ્મલીન પૂજ્ય શ્રી બ્રહ્મવેદાંતજીના આશીર્વાદ પણ મળ્યા છે.

શબ્દને પામીને, સૂર સાચવીને, મૂળ લય અને હલક સાથે, પ્રસ્તુતિ સમયે અને સહજતા સાથે ગીતો ગાઈ રહેલા હાર્દિકને શ્રોતાઓએ ખુબ પ્રેમથી વધાવ્યો.

લોકજીવન અને લોક સાથે જોડાયેલી વાતો-શૈલી અને પ્રાચીન ભજનવાણી મારા રસના વિષય એટલે મેં પણ એ કાર્યક્રમ માણ્યો અને પ્રસન્નતા અનુભવી.

'ઈકતારા'ના સૂર આપણને એક સાથે જોડે ત્યારે અંતરના અનહદના દીવડા પ્રગટે છે ને આનંદના અજવાળા રેલાય છે.

# વિશ્વના પ્રથમ મનોવિજ્ઞાની - શ્રીકૃષ્ણ



**વિચારયાત્રા**
ડો. જય ઓઝા

મનુષ્ય આજે એક અત્યંત ભારી અજંપામાં જીવી રહ્યો છે. જીવનનાં લગભગ તમામ પાસાંઓનું વ્યવસાયીકરણ થઈ રહ્યું હોવાના પરિણામે જીવન દિનપ્રતિદિન વધારે ને વધારે મુશ્કેલ બની રહ્યું છે. વળી, દુષ્કાળ, ભૂખમરો, ધરતીકંપ જેવી આપત્તિઓની જેમ જ અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ અને અત્યારે મહામારી કોરોના જેવા બનાવો માણસની મુશ્કેલીઓ વધારી રહ્યા છે. સભ્યતા અને સંસ્કૃતિના વિકાસની સાથોસાથ મનુષ્યજીવનની સલામતીની ભાવનાઓ જે રીતે વિકસવી જોઈએ તે વધી નથી. વિકાસના એવા ત્રિભેટા પર આજે માનવી ઊભો છે કે પોતાના અત્યંત સાદગીભર્યા જીવન તરફ જઈ પોતાની આ બધી સમસ્યાઓ હલ કરવાની માણાસ ઈચ્છા રાખે તો પણ કમનસીબે તેમ કરી શકે તેમ નથી.

ખરેખર તો એવું જોવા મળી રહ્યું છે કે કેટલાય ધર્મગ્રંથો તરફ કે ઉચ્ચ કોટિનાં ગણાતાં પુસ્તકો તરફ માણસ ત્યારે જ વળે છે જ્યારે ઊંડે ઊંડે માનવી પોતાની સમસ્યાઓના સમાધાનમાં તે તે ગ્રંથ કઈ રીતે ઉપયોગી થઈ શકે તે શોધવા મથતો હોય છે. આપણે અત્રે એ વિચાર કરીશું કે આધુનિક જીવનની આ જટિલ અને ગંભીર સમસ્યાઓ માટે ભગવદ ગીતા આપણને કયા પ્રકારનું સમાધાન આપી શકે તેમ છે.

મનોવિજ્ઞાનનો પૃથક અભ્યાસ પાશ્ચાત્ય પરમ્પરાની દેન છે, છતાં પણ આપણે કહી શકીએ કે, ભારતમાં ભલે સ્વતંત્રરૂપે મનોવૈજ્ઞાનિક વિચારો પર આધારિત ગ્રન્થ ન લખાયા હોય પરન્તુ ભારતીય ઋષિઓએ ઉત્તમ રીતે મનને સમજીને મનનું વિવેચન વિશદ રીતે કર્યુ છે.

વિશ્વને માનવ વર્તન વિશેનું જ્ઞાન આપતું શ્રેષ્ઠ પુસ્તક એટલે ભગવદ્‌ગીતા. અને વિશ્વના સૌપ્રથમ મનોવિજ્ઞાની હોય તો તે છે પૂર્ણપુરૂષોત્તમ શ્રીકૃષ્ણ. ગીતાની સાચી સમજ આપણને માનવ વર્તનની સમસ્યાઓ અને તેના વ્યવહારુ ઉકેલ સુધી લઈ જાય છે. હજારો વર્ષ પછી સમાજ બદલાયો છે. ટેકનોલોજી વધી છે. પણ માનવ વર્તનની મૂળભૂત સમસ્યાઓમાં કોઈ ખાસ ફેર પડ્યો નથી. સમસ્યાઓએ સ્વરૂપ ચોક્કસ બદલ્યું છે પણ તેનું મૂળ બદલાયું નથી.અર્જુનનો વિષાદ યોગ એ એંગ્ઝાઈટી અને નિરાશાના લક્ષણોનો સ્પષ્ટ નિર્દેશ કરે છે.

હે કૃષ્ણ ! મારા ગાત્રો ઢીલાં થઈ રહ્યાં છે, મુખ સુકાઈ રહ્યું છે, શરીરમાં કંપ તથા રોમાંચ થઈ રહ્યો છે. હાથમાંથી ગાંડીવ સરી પડે છે, ચામડી બળી રહી છે, હું ઊભો રહેવા શક્તિમાન નથી મારું મન જાણે ભમે છે. ( ૨૯,૩૦-૧)

જો મનોવિજ્ઞાનની પરિભાષામાં કહીએ તો અર્જુન 'Avoidance Conflict' નો શિકાર બન્યો છે. મતલબ કે જ્યારે આપણી સમક્ષ બે તીવ્ર અણગમતા વિકલ્પો હોય અને એમાંથી એકની ફરજીયાત પસંદગી કરવી પડે ત્યારે ત્યારે મનમાં જે સ્થિતિ સર્જાય છે તેને આવો 'પરિહાર-સંઘર્ષ' કહી શકાય. અને શ્રી કૃષ્ણ કે જેઓ વિશ્વના સૌપ્રથમ સાયકોલોજિસ્ટ કહી શકાય તેઓએ અર્જુનનો અપરાધભાવ અને એંગ્ઝાઈટી દૂર કરવા તેને ગીતાનો સંદેશ આપે છે અને તેની મનોચિકિત્સા કરે છે.

આપણા જીવનમાં આવા સંઘર્ષો રોજબરોજ ડગલે ને પગલે અનુભવાય છે. સંઘર્ષ વગરનું જીવન શક્ય નથી. માટે જ તો મનોવિજ્ઞાનમાં કહ્યું છે કે-''આપણે સ્ટ્રેસને ક્યારેય ઝીરો કરી શકતા નથી. તેને મેનેજ જ કરવું પડે છે.

અર્જુનની સ્થિતિની જેમ જ ઘણીવાર આપણે પણ ભાગેડુવૃત્તિ દર્શાવી સમસ્યાની સામે પીછેહઠ કરીએ છીએ. આપણા મનને બીજાની વણજોઈતી અને બિનજરૂરી વાતો અને અણછાજતા વર્તનથી આપણી મહામૂલી મનની શાંતિને જોખમમાં મૂકી દઈએ છીએ. અગાઉ કહ્યું તેમ જવાબદારી નિભાવતા નિભાવતા સંસારમાં રહીને ક્યારેય મુશ્કેલી અને ચિંતાઓને શૂન્ય કરી શકીએ નહીં જ. માટે આપણે ગીતા દ્વારા જ શાંતિને મેનેજ કરતા શીખવાનું છે. 'Peace Management Through Geeta`.

આ માટે એક અદ્‌ભૂત પરિભાષા ભગવદ્‌ગીતામાં આપવામાં આવી છે. અને તે છે : 'સ્થિતપ્રજ્ઞતા'. સમત્વભાવ અથવા વર્તનમાં સંતુલન મેળવવાની ક્રિયા શ્રેયસ્કર છે. જે આ સત્ય જાણે છે અથવા વર્તનની રીતે સ્થિર છે, તે પોતે પોતાની સંતુષ્ટિનો અનુભવ કરે છે.

ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા અર્જુનને માધ્યમ બનાવીને સમગ્ર માનવજાતને સંદેશો આપવામાં આવ્યો છે. મન અંગે શ્રી કૃષ્ણ દ્વારા ગીતામાં કહેવાયું છે કે,

દુઃખેષ્વનુદ્વિગ્નમતાઃ સુખેષુ વિગતસ્પૃહઃ।
વીતરાગભયક્રોધઃ સ્થિતિધીર્મુનિરુચ્યતે ॥ ૨-૫૬

દુઃખોની પ્રાપ્તિ થતાં જેના મનમાં ઉદ્વેગ થતો નથી, સુખો મળતા જે સંપૂર્ણપણે નિઃસ્પૃહ હોય છે. તથા જેના રોગ, ભય, ક્રોધ નાશ પા મ્યા હોય તેવો મનુષ્ય સ્થિર બુદ્ધિવાળો કહેવાય છે.

આમ અહીં મનની શાંતિ માટે નિઃસ્પૃહ થવાની વાત કરવામાં આવી છે. ભગવાન શ્રી કૃષ્ણ રાગ, ભય અને ક્રોધને કાબુમાં લેવાની વાત કરે છે.

અસંશયં મહાબાહો મનો દુર્નિગ્રહ ચલમ્।
અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે ॥ ૬-૩૫

હે મહાબાહો ! નિશ્ચય જ મન ચંચળ અને વશ કરવું મુશ્કેલ છે તો પણ હે કૌન્તેય અભ્યાસ અને વૈરાગ્ય વડે તે વશ કરાય છે.

ભારતના પ્રાચીન વિચારો પાશ્ચાત્ય વિચારોથી અલગ પડે છે. આજના મનોવિજ્ઞાનીઓએ મન પર અંકુશ મૂકવાને બદલે તેને સ્વતંત્રતા આપવા પર વધુ ભાર મૂક્યો છે. મનની લાગણી દબાવવાથી હતાશા ઉત્પન્ન થાય છે તેવી માન્યતા રાખવામાં આવે છે. આથી માનસિક દર્દીઓને પોતાના મનમાં જે હોય તે રજૂ કરવાની અને ઈચ્છા પુરી કરવાની છૂટ આપવામાં આવે છે.

પરંતુ આપણે જોઈ રહ્યા છીએ કે, આ સ્વતંત્રતાનો મોટેભાગે સ્વચ્છતા તરીકે ઉપયોગ કરીને આ વ્યવસ્થાનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. પરંતુ આપણા ભારતીય પ્રાચીન ગ્રંથો ઈચ્છા પર કાબૂ મેળવી લેવાની વાત કરે છે. જો પ્રથમથી જ ઈન્દ્રિયો પર કાબૂ રાખવામાં આવે અને આ ઘોડા પર મનરૂપી લગામ રાખવામાં આવે તો દુઃખી થવાય જ નહીં. માનવની સમસ્યાનું મૂળ લોભ, કામ, ક્રોધ અને મોહનો છે. તેને બુદ્ધિ અને આત્મા દ્વારા લાવવો આવશ્યક છે. આધુનિક વિચારસરણી ભોગવાદી વિચારસરણી છે જ્યારે ભારતના પ્રાચીન ગ્રંથો યોગવાદી વિચારસરણી ધરાવે છે. મન અંગેની ભારતીય ચિંતનની ઊંડી ગવેષણાનું કારણ તેની જ્ઞાન પ્રત્યેની અતૂટ નિષ્ઠા છે. અન્ય સભ્યતાઓથી ભિન્ન ભારતીય પ્રજ્ઞા મનનું આટલું દર્શન કરી શકી એ ઉપનિષદ અને ગીતાના યુગનો પ્રતાપ છે.

ગીતાને પણ આ જ વાત લાગુ પડે છે. ઘણા માણસો ગીતાને એક પ્રાચીન શાસ્ત્ર ગણી આધુનિક માનવ જીવનની જટિલતાઓ ઉકેલવાની ગીતાની અસમર્થતા વિશે વાત કરતા હોય છે.સનાતન કે શાશ્વતકાલીન શાસ્ત્રોને પ્રાચીન ગણવાં એ ભૂલભરેલું છે. ગીતા આ પ્રકારનો ગ્રંથ નથી; તેથી જ સમસ્યાઓ જેમ જેમ વધારે સ્વરૂપ ધારણ કરતી જાય છે તેમ તેમ ગીતાના ઉકેલોની સરળતા વધારે ને વધારે સ્પષ્ટ થતી જાય છે.

અત્યારની આ વિકટ પરિસ્થિતિમાં માનવીય સુખાકારી અંદરથી જ પ્રગટવી જોઈએ. પરિસ્થિતિ વિપરિત હોય પણ આવી વિપરિત પરિસ્થિતિઓમાં મન વિચલિત ન થવું જોઈએ અને બદલાતી સામાજિક અને આર્થિક વિષમતાઓમાં માત્ર ભગવદ્‌ગીતા જ આપણને આપણી અંદરના માહ્યલાને શાંત કરી શકવા સક્ષમ છે. ગીતા જેવું બીજું એવું એક પણ માનસશાસ્ત્રને સરસ રીતે સમજીને સમાધાન આપી શકે તેવું બીજું કોઈ શાસ્ત્ર અત્યારે જગત પાસે નથી.


પ્રસ્તુતકર્તા : ડૉ.જય ઉમેશભાઈ ઓઝા
- jayuoza@gmail.com,
Mo.9898046488

# કોઈકના નામે વટ મારી ખાવો છે કે પોતાની અક્કલથી અલગ ઓળખ ઉભી કરવી છે?



**આત્મનાદ**
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

હજારો રનના ઢગલા કરી એક પછી એક રેકોર્ડ બનાવ્યા પહેલાં તેંડુલકરને કોણ ઓળખતું હતું? કોકીલ કંઠી લતા મંગેશકર એમના અવાજના જાદુથી કરોડો લોકોના હૃદયમાં સ્થાન મેળવી શક્યા. સદીના મહાનાયક અમિતાભ બચ્ચને એમની બેનમૂન અદાકારીના કારણે અલગ ઓળખ ઊભી કરી. ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, નરેન્દ્રભાઈ મોદી, ડો. એ.પી.જે. અબ્દુલ કલામ, લાલ બહાદુર શાસ્ત્રી, અબ્રાહમ લીંકન, ચાર્લી ચેપ્લીન આવા અનેક સામર્થ્યવાન લોકોનો આગવો અંદાજ અને આગવી ઓળખ છે. એમની આઈકોનિક ઓળખને લોકો ફોલો કરે છે. પરંતુ અબ્રાહમ લીંકનના દીકરાનું નામ કેટલાને ખબર છે ? ડો. એ.પી.જે. અબ્દુલ કલામના ભાઈઓ વિશે કેટલા જાણે છે ? ચાર્લી ચેપ્લીનના ભાઈ-બહેન કેટલાને યાદ છે ? કૌશલ્યવાન અને તેજસ્વી વ્યક્તિઓની ઓરાનો લાભ આસપાસના સગા અને મિત્રો થોડો સમય લઈ લેતા હોય છે.



સૂર્યના પ્રકાશનો પડછાયો ચંદ્ર ઉપર પડે અને ચંદ્ર સ્વયં પ્રકાશિત હોવાનો ઘમંડ કરે એ કેટલો વાજબી કહેવાય ? કોઈ ઓળખીતા પાળખીતા સામર્થ્યવાન સગાની ચમકના સહારે પોતાની તતુડી વગાડતા લોકોને જોઈને બુદ્ધિશાળી લોકો મનોમન હસતા હોય છે. મઝાની વાત તો એ હોય છે કે, જેમના નામના જોરે પોતાની ડીંગ ડીંગ હાંકતા આવા લોકોના કરતુતોની લોકહૃદયમાં બીરાજેલા એમના કૌશલ્યવાન સગાને ખબર સુદ્ધા નથી હોતી.

કોઈની પ્રતિષ્ઠા અને નામનાના જોરે ક્યારેય કોઈ છાપ ઊભી થતી નથી. પોતાની ઓળખ ઊભી કરવા માટે ભીડથી અલગ હટીને ચાલવું પડે છે. ડૉક્ટર હરિવંશરાય બચ્ચન હિન્દી સાહિત્ય જગતનુ બહુ મોટુ આદરપાત્ર નામ. લોકહૃદયમાં એ જબરજસ્ત વસી ગયેલા. શરૂઆતના સ્ટ્રગલના દિવસોમાં પણ દીકરા અમિતાભે ક્યારેય પિતાની સાહિત્યિક ચાહના અને નામનાને વટાવી નહીં. અમિતાભે કવિતા કે લેખન ક્ષેત્રે નહીં, પરંતુ એનાથી અલગ અભિનયના ક્ષેત્રે એમની આગવી ઓળખ ઉભી કરી. કોઈની છાપ માથે લઈને ચાલવામાં સૌથી મોટી તકલીફ એ હોય છે કે, આવી ઓળખ લાંબો સમય ટકતી નથી. કોઈના નામે જ્યારે રોફ થાય ત્યારે કદાચ શાણા લોકો પ્રતિક્રિયા એટલે ન આપે કે આ વ્યક્તિમાં તો કંઈ છે નહીં, નમાલો છે અને કોઈના નામે રૂઆબ કરે છે પરંતુ ખરેખર જે વ્યક્તિ મહાન છે એના નામને બટ્ટો શા માટે લગાડવો જોઈએ ?

કોઈના દમ ઉપર ક્યારેય ઓળખ ઊભી ન થાય. દૂર્યોધન મહારથીઓ ભરેલી એની સેનાના કારણે ક્યાં જીતી શક્યો ? એની ઓળખ ક્યાં ઊભી કરી શક્યો ? અર્જુને એના સામર્થ્યથી યુદ્ધભૂમિ ઉપર વિજય મેળવી આગવી ઓળખ પ્રાપ્ત કરી. કોઈની ઓળખાણથી મળેલું કામ, ઈજ્જત શોહરત થોડા સમય માટે હોય છે. પોતાની ક્ષમતા અને સામર્થ્યથી મળેલી ઓળખ જીવનભર સાથ આપે છે. રસ્તા ઉપર પડેલો એક પથ્થર પણ કોઈને હાની પહોંચાડી શકે કે પછી દેવસ્થાને બિરાજીને પુજાઈ પણ શકે છે. નક્કી તો વ્યક્તિએ પોતે કરવું પડે કે એણે કોઈકના પ્રકાશના પડછાયામાં અલ્પજીવી વટ મારી ખાવો છે કે પોતાની અક્કલથી અલગ ઓળખ ઉભી કરવી છે.

કોઈના જોરે ટમટમતા લોકોનો તોર પણ જોવા જેવા મજાના હોય છે. એક મલ્ટી નેશનલ કંપનીના સીઈઓ ખૂબ પ્રતિભાશાળી. એમના પ્રયાસોથી દેશવિદેશમાં કંપનીનું નામ બહુ આદરથી લેવાતું. છેલ્લા સાતેક વર્ષોમાં કંપનીને એમનાથી જબરજસ્ત નફો થયો હતો અને કંપની રોકેટ ગતીએ આગળ વધતી હતી. આ કંપનીમાં પ્રોડકશનની એક વીંગમાં જુનિયર સુપરવાઈઝરની જગા ઉપર સીઈઓનો ભત્રીજો કામ કરે. કંપનીના વિકાસ માટે સીઈઓ મહિનામાં ૨૦ થી ૨૨ દિવસ દેશવિદેશના પ્રવાસે જ હોય.

ભત્રીજા સાહેબ કંપનીના એચઆર હેડથી માંડીને પ્રોડકશન હેડ, માર્કેટીંગ ચીફ બધાનાં કામમાં ચંચુપ્રવેશ કરે. કંપનીમાં કોઈનુ પણ અપમાન કરે કે પછી એની જી હજુરી કરનારાના વખાણ પણ કરે. બધા ભત્રીજાની આ હરકતો સહન કરી લે. અંદર ખાને સૌ જાણતા કે, આ વ્યક્તિ પાસે ઝાઝી કોઈ ક્ષમતા છે જ નહીં. એમની પાસે સીઈઓ સાહેબના ભત્રીજાનું લેબલ જ મોટું છે. ભત્રીજાની નાની-મોટી હરકતોની સીઈઓ સાહેબને ખબર સુદ્ધા ન હોય. ખોટો વટ મારી ખાતા ભત્રીજા જેવી કથા ઘણી જગાએ હોય છે. જો કે એનાથી ઓર્ગેનાઈઝેશનને કોઈ મોટું નુકસાન કે તકલીફ પડતી નથી. પણ સ્વયં પ્રકાશીત અને કૌશલ્યવાન એના સગાની પ્રતિષ્ઠાને જાણે અજાણે આવા લોકોને કારણે નુકશાન જરૂર પહોચતુ હોય છે.

વિશ્વમાં એવા પણ દાખલા જોવા મળ્યા છે કે, મોટા સ્થાન ઉપર બેઠેલા અત્યંત શક્તિશાળી લોકોના પરિવારના સભ્યો, મિત્રો, સગાવહાલાઓ ક્યારેય એમના ઉચ્ચ સ્થાને બેઠેલા વડીલના નામની ઓળખ સુદ્ધા નથી આપતા. આપણા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલનું બુલંદ ઉદાહરણ છે. એમણે એમના પરિવારના કોઈ સભ્ય, કોઈ મિત્ર કે કોઈ સગાને ક્યારેય કોઈ પ્રિવિલેજ આપ્યો હોય કે એ લોકોએ લીધો હોય એવો ઈતિહાસમાં એક દાખલો જોવા નથી મળ્યો.

વ્યક્તિની ઓળખ એની આંતરિક ઊર્જા અને વૈયક્તિક સિદ્ધાંતો અને સંસ્કારિતાથી ઊભી થાય છે. કોઈનો પ્રતાપ અને પ્રભાવ તો થોડો સમય ચાલે. આવા લોકોની જીભ સૌથી લપસણી અને ખરાબ હોય છે. દિમાગ ખરાબ હોવાની પ્રથમ સાબિતી એની જીભ ખરાબ છે. લાંબો સમય ટકવું હોય તો સ્વયં પુરુષાર્થ કરવો પડે. પોતાની અલગ પહેચાન બનાવવા માટે પોતે જ ઊભી કરેલી જૂની ઓળખના દાયરાને ઓળંગવો પડે. અંતે તો પોતાના કાર્યો, કૌશલ્ય, કર્તવ્યનિષ્ઠા, સજ્જનતા, સૌમ્યતા, નિષ્ઠા જ અલગ પહેચાન ઊભી કરી શકે છે. એ પણ એટલી જ સત્ય વાત છે કે, અન્યના જોરે બહારથી જેટલો ઘમંડી અને તાકાતવર લાગતો વ્યક્તિ અંદરથી ખોખલો અને ભયભિત હોય છે.

**ધબકાર :**

**બીજાના નામના સહારે પોતાની ખીચડી પકવનારા અંદરથી નબળા અને નિર્માલ્ય હોય છે.**